આજે અને કાલે અમદાવાદમાં યલો એલર્ટ

આગામી ૨ દિવસ બાદ જોરદાર ગરમી પડશે : બીજી બાજુ આગામી ૫ દિવસ રાજ્યમાં વાતાવરણ સૂકું રહેશે : બે દિવસ તાપમાનમાં કોઈ ફેરફાર નહીં થાય

અમદાવાદ, તા.૧૬

અમદાવાદીઓ માટે સૌથી મોટી ઘાતની આગાહી સામે આવી છે. આગામી ૨ દિવસ બાદ અમદાવાદીઓ જોરદાર ગરમીમાં શેકાવા તૈયાર રહેજો. આજે પણ રાજ્યમાં ગરમીનું ટોર્ચર યથાવત્ છે. ત્યારે હવામાન વિભાગે શહેરમાં યલો એલર્ટ જાહેર કર્યું છે. ૧૭ અને ૧૮ એપ્રિલે અમદાવાદમાં યલો એલર્ટ આપવામાં આવ્યું છે. હીટ એક્શન પ્લાન અંતર્ગત યલો એલર્ટ અપાયું હોવાના સમાચાર મળી રહ્યા છે. બીજી બાજુ આગામી ૫ દિવસ રાજ્યમાં વાતાવરણ સૂકું રહેશે. બે દિવસ તાપમાનમાં કોઈ ફેરફાર નહીં થાય. અમદાવાદમાં ૪૧ થી ૪૩ ડિગ્રી તાપમાન નોંધાતું હોવાથી યલો એલર્ટ આપવામાં આવ્યું છે. ગત રોજ અમદાવાદ અને અમરેલીમાં ૪૦.૬ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. જ્યારે સુરેન્દ્રનગર અને ગાંધીનગરમાં ૪૦ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. ગુજરાતના વિવિધ શહેરોમાં નોંધાયેલા તાપમાનની વાત કરીએ તો સુરતમાં ૩૯.૮, નલિયા ૩૫, ઓખા ૩૨, વેરાવળ ૩૩ ડિગ્રી તાપમાન નોંધાયું છે. જ્યારે બાકીના સ્થળે ૩૫ થી ૩૯ ડિગ્રી તાપમાન નોંધાયું છે. પરંતુ હવામાન વિભાગે આગામી બે દિવસ ઉતરી દિશાથી સૂકા પવન ફૂંકાવાને લઈને તાપમાનમાં વધારો થવાની આગાહી કરી છે. ૧૯ એપ્રિલે રાજ્યમાં કેટલાક વિસ્તારમાં વરસાદની શકયતા દર્શાવવામાં આવી છે. ગત રોજ અમદાવાદમાં સિઝનનું સૌથી વધુ તાપમાન નોંધાયું છે.



શુક્રવાર ૧૫ એપ્રિલે મુંબઈમાં યોજાયેલા સમારંભમાં શ્રીમતી પારુ જયકૃષ્ણને કેમિકલ ઉદ્યોગમાં એમના નોંધપાત્ર યોગદાન બદલ CHEMEXCIL તરફથી વર્ષ ૨૦૧૮-૧૯ માટેનો પ્રતિષ્ઠિત 'લાઈફટાઈમ એચિવમેન્ટ એવોર્ડ' એનાયત કરાયો હતો. શ્રીમતી પારુબેન અસાહિ સોંગવોન કલર્સ અને અક્ષરકેમ ઈન્ડિયા લિમિટેડ નામની કેમિકલ કંપનીઓના ચેરપર્સન છે. શ્રીમતી પારુબેન આ બંને કંપનીઓના સંચાલન કરવા ઉપરાંત ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ૭૪ વર્ષના ઈતિહાસમાં ચૂંટાયેલા એકમાત્ર મહિલા પ્રમુખ પણ છે. પોતાના બિઝનેસને સફળ બનાવવા ઉપરાંત તેઓ જ્યોતિસંઘ જેવી સામાજિક સંસ્થા સાથે પણ જોડાયેલા છે અને SIDBI, ગુજરાત ટુરિઝમ કોર્પોરેશન, ગુજરાત હેન્ડલૂમ કોર્પોરેશન જેવી સરકારી જવાબદારીઓ પણ સફળતાપૂર્વક સંભાળી ચૂક્યા છે. શ્રીમતી પારુબેનને અને એમની બંને કંપનીઓને આ અગાઉ CHEMEXCIL, GDMA, GCCI, FIEO અને ગુજરાત સરકારના એવોર્ડસ પણ મળી ચૂક્યા છે. ઉદ્યોગ જગતમાં ખૂબ જ પ્રતિષ્ઠિત ગણાતો આ એવોર્ડ મેળવવા બદલ શ્રીમતી પારુબેન પર અભિનંદનવર્ષા થઈ રહી છે

રાજ્યમાં કોરોનાના નવા ૨૮૩ કેસ નોંધાયા : નડીયાદમાં વૃધ્ધનું મોત

3 દર્દીના મોત; ચાર દર્દી વેન્ટિલેટર ઉપર છે : કોરોનાના વધતા કેસને ધ્યાને રાખી સાવધાન રહેવાની જરૂર

અમદાવાદ, તા.૧૬

૧૬મી એપ્રિલે ગુજરાતમાં કોરોના વાયરસના નવા ૨૮૩ કેસ નોંધાયા છે. જેમાં અમદાવાદમાં સૌથી વધુ ૧૩૦ કેસ નોંધાયા છે. જ્યારે ૨૧૭ દર્દીઓને રજા આપવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, ત્રણ દર્દીના મોત નીપજ્યા છે. ખેડાના નડિયાદમાં રહેતા વૃદ્ધનું કોરોનાથી મોત નિપજ્યું છે. ગત ૧૪ એપ્રિલે ૬૩ વર્ષીય વૃદ્ધનો કોરોના રિપોર્ટ પોઝિટીવ આવ્યો હતો. ત્યાર બાદ દર્દીને અચાનક છાતીમાં દુખાવો થયો હતો અને આણંદની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન વૃદ્ધનું મોત નિપજ્યું છે. મૃતકે વેક્સિનના તમામ ડોઝ લીધા હોવાનું જાણવા મળી રહ્યું છે. વૃદ્ધનો રિપોર્ટ પોઝિટિવ આવ્યા પછી તમામ સભ્યોના રિપોર્ટ કરાવવામાં આવ્યા હતા, જે નેગેટિવ આવ્યા છે. નડિયાદના કોલેજ રોડ વિસ્તારમાં રહેતા ૬૩ વર્ષીય વૃદ્ધનું કોરોનાથી મોત નિપજ્યું છે. તેઓ ગત ૧૪ એપ્રિલે કોવિડ પોઝિટિવ આવ્યા હતા.

મહત્ત્વનું છે કે, ગઈકાલે પણ કોરોના વાયરસના કારણે ત્રણ દર્દીના મોત નીપજ્યા હતા. કોરોનાના વધતા કેસને ધ્યાને રાખી ગુજરાતીઓએ ફરીથી સાવધાન રહેવાની જરૂર છે અને જો કોઈપણ લક્ષણ દેખાય તો તાત્કાલિક તેની સારવાર કરાવવી જોઈએ.

અમદાવાદ - ૧૨૭, વડોદરા કોર્પોરેશન - ૨૯, સુરત કોર્પોરેશન - ૨૫, વડોદરા - ૧૪, મહેસાણા - ૧૩, વલસાડ - ૧૧, ગાંધીનગર કોર્પોરેશન - ૧૦, સુરત - ૯, ગાંધીનગર - ૫, પાટણ - ૪, રાજકોટ - ૪, સુરેન્દ્રનગર - ૪, અમદાવાદ - ૩, આણંદ - ૩, ભરૂચ - ૩, જામનગર કોર્પોરેશન - ૩, નવસારી - ૩, ખેડા - ૨, કચ્છ - ૨, મોરબી - ૨, સાબરકાંઠા - ૨, અરવલ્લી - ૧, બનાસકાંઠા - ૧, ભાવનગર - ૧, ગીર-સોમનાથ - ૧, રાજકોટ કોર્પોરેશન - ૧ કેસ નોંધાયા છે. આમ, સમગ્ર ગુજરાતમાં કોરોના વાયરસના કુલ ૨૮૩ કેસ નોંધાયા છે. તો બીજી તરફ, ૨૧૭ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. હાલ ગુજરાતમાં કોરોના વાયરસના કુલ ૨૩૦૯ એક્ટિવ કેસ છે. આ ઉપરાંત ૦૪ જેટલા દર્દીને વેન્ટિલેટર પર રાખવામાં આવ્યા છે.

મેં સહકારી ક્ષેત્રમાં ઈલુ ઈલુ બંધ કરાવ્યું : સીઆર પાટિલ

ભાજપ પ્રદેશ પ્રમુખની અધ્યક્ષતામાં સુરતના મહુવા ખાતે ખેડૂતોનું મહા સંમેલન

મહુવા, તા.૧૬

સુરતના મહુવા ખાતે ખેડૂતોનું મહા સંમેલન યોજાયું. ભાજપ પ્રદેશ પ્રમુખ અધ્યક્ષતામાં ખેડૂત સંમેલન યોજાતા હજારો ખેડુતો ઉપસ્થિત રહ્યા. જાહેર મંચ પરથી સી.આર.પાટીલે કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા. ઈકમટેક્ષ અને ખેડૂતોનો આવક મુદ્દે સી.આર.પાટીલે નિવેદન આપ્યું હતું. સુરતના મહુવા ખાતે ખેડૂતોનું મહા સંમેલન યોજાયું હતું. મહુવા સુગર મિલ ખાતે ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલના અધ્યક્ષતામાં આ સંમેલન યોજાયું. સંમેલનમાં સુરત, આહવા, ડાંગ, ઉચ્છલ, નિઝર, વલસાડ, નવસારી વિસ્તારમાંથી આશરે ૫૦૦૦ હજાર જેટલા ખેડૂત ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે દક્ષિણ ગુ. સુગર ફેકટરીના ચેરમેનો, સહકારી આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા. કૃષિ રત્ન ડૉ સંજીવ જી દ્વારા ખેડૂતોનું રજિસ્ટ્રેશન કરી ખેતી નિષ્ણાતો ખેડૂતોને યોગ્ય માર્ગ દર્શન આપ્યું હતુ. ખેડૂતો મહા સંમેલનમાં મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત ભાજપ પ્રદેશ પ્રમુખે અનેક મુદ્દે કોંગ્રેસને આડે હાથે લીધી હતી. સી.આર.પાટીલ જાહેર મંચ પરથી આપ્યું નિવેદન આપતા કોંગ્રેસ ની સરકારમાં દેશની સુગર ફેકટરી પર ૨૫૦૦૦ કરોડનું ઈકમટેક્ષનું દેવું હતું. જે ભાજપની સરકારમાં તમામ દેવું માફ કરવામાં આવ્યું છે. દેશમાં ગુજરાતના ખેડૂતો બમણી નહી પાંચ ઘણી કરી છે.

તેમણે ઉમેર્યું હતું કે, પહેલા સહકારી ક્ષેત્રેમાં ઈલું ઈલું ચાલતું હતું. થોડા ભાજપ અને થોડા કોંગ્રેસના સભ્યો ચૂંટતા હતા પણ હવે માત્ર ભાજપના જ સભ્યો ચૂંટાય આવે છે.

પૂરપાટ દોડતી કારે બાંકડે બેસેલા વૃદ્ધને કચડ્યા : એકનું મોત થયું

પાટણ, તા.૧૬

પાટણમાં બેકાબુ કારે અકસ્માત સર્જીને પાંચ વૃદ્ધોને ઘાયલ કર્યા હતા. પૂરપાટ ઝડપે આવતી કારે ૫ વૃદ્ધોને અડફેટે લીધા હતા. હાઈવે પર ગોગા મહારાજના મંદિર પાસે બેસેલા વૃદ્ધોને કારે કચડ્યા હતા. બાંકડા પર બેઠેલા ૫ સિનિયર સિટીઝનો પર કાર ચડાવી દીધી, જેમાં એક વૃદ્ધનું મોત નિપજ્યું છે. તો ૪ ઈજાગ્રસ્ત થયા છે. તેમજ એક વૃદ્ધનો એક પગ કપાયો છે. હાઈવે પર આવેલ ગોગા મહારાજના મંદિર પાસે મૂકાયેલા બાંકડા પર કેટલાક વૃદ્ધો બેસીને વાતચીત કરતા હતા. હાઈવે પરથી પૂર ઝડપે આવતી બેકાબુ કારે વૃદ્ધને કચડ્યા હતા. બોકડા પર બેઠેલા ૫ જેટલા વૃદ્ધોને મારી ભયાનક ટક્કર મારી હતી. આ ટક્કરમાં બેકાબૂ કારની ટકકરે ૧ નું મોત નિપજ્યુ છે. તો અન્ય ૧ વૃદ્ધનો પગ કપાયો છે. તેમજ અન્ય ત્રણ ઘાયલ થયા છે. અકસ્માત સર્જી બેકાબુ કાર ચાલક ફરાર તયો છે. ઘટના સ્થળે અકસ્માતને લઈ મોટી સંખ્યામાં લોકો દોડી આવ્યા હતા. પોલીસ ઘટના સ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી છે.

કેજરીવાલ અને આપના સાંસદ સંજયસિંહ સામે બદનક્ષીની ફરિયાદ

કેજરીવાલની મુશ્કેલીઓમાં થયો ઓર વધારો : મોદીની ડિગ્રી મામલે અમદાવાદની ક્રિમિનલ કોર્ટે બંને નેતાઓની વિરુદ્ધ આ સમન એક અરજી પર જાહેર કર્યું

અમદાવાદ, તા.૧૬

શરાબ કૌભાંડમાં સીબીઆઈના સમન વચ્ચે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની મુશ્કેલીઓ વધતી દેખાઈ રહી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ડિગ્રી મામલે ગુજરાત યુનિવર્સિટીના માનહાનિ કેસમાં અમદાવાદની કોર્ટે અરવિંદ કેજરીવાલ અને આપના નેતા સંજય સિંહ સામે સમન જાહેર કર્યું છે. અમદાવાદની ક્રિમિનલ કોર્ટે બંને નેતાઓની વિરુદ્ધ આ સમન એક અરજી પર જાહેર કર્યું છે. આ અરજી યુનિવર્સિટીના કુલસચિવ તરફથી જાહેર કરવામાં આવ્યું છે. તેમાં કહેવામાં આવ્યું છે કે, હાઈકોર્ટના નિર્ણય બાદ બંને નેતાઓની પ્રેસ કોન્ફરન્સથી ગુજરાત યુનિવર્સિટીની પ્રતિષ્ઠાને નુકસાન થયું છે. કોર્ટના સમનમાં બંને નેતાઓને ૨૩ મે સુધી રજૂ થવામાં કહેવાયું છે. તાજેતરમાં ગુજરાત હાઈકોર્ટે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને ૨૫ હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. અરવિંદ કેજરીવાલે ેંઅને ઠ્ઠેં પાસે પીએમ મોદીની ડિગ્રીની કોપી માગવા બદલ કેજરીવાલને આ દંડ ફટાકારાયો હતો. સાથે જ હાઈકોર્ટે ચીફ ઈન્ફોર્મેશન કમિશનરના આદેશને પણ રદ્દ કર્યો હતો. ઁર મોદીની સ્નાતક ડિગ્રીની માહિતી રજૂ કરવા આદેશ કરાયો હતો. ચીફ ઈન્ફોર્મેશન કમિશનરે ગુજરાત યુનિ. અને ઁર્ંની પબ્લિક ઈન્ફોર્મેશન અધિકારીને આદેશ કર્યા હતા. જસ્ટિસ બિરેન વૈષ્ણવની બેન્ચે અરજી ફગાવી કેજરીવાલને દંડ ફટકાર્યો હતો. વડાપ્રધાન મોદીએ તેમની માસ્ટર્સની ગુજરાત યુનિવર્સિટીમાંથી અને ગ્રેજ્યુએશનની ડિગ્રી દિલ્હી યુનિવર્સિટીમાંથી મેળવી હતી. તેથી અરવિંદ કેજરીવાલે મોદીની શૈક્ષણિક ડિગ્રીઓ મેળવવા માટે સેન્ટ્રલ ઈન્ફર્મેશન કમિશનરમાં

અરજી કરી હતી. જેમાં સીઆઈસીએ ૨૦૧૬માં વડાપ્રધાન કાર્યાલયના માહિતી અધિકારીઓને હુકમ કર્યો હતો કે, કેજરીવાલે માંગેલી ડિગ્રીઓ તેમને પૂરી પાડવામાં આવે. સીઆઈસીના આ હુકમથી નારાજ થઈ ગુજરાત યુનિવર્સિટીએ હાઈકોર્ટમાં રિટ અરજી કરી હતી. ગુજરાત યુનિ.દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીની એમ.એ પરીક્ષાના પરિણામનો રેકોર્ડ ઓનલાઈન જાહેર કરવામાં આવ્યો હતો. જે મુજબ નરેન્દ્ર મોદીએ ૧૯૮૧થી ૧૯૮૨ દરમિયાન એમ.એ ઈન પોલિટિકલ સાયન્સ એક્સટર્નલમાં કર્યું હતું. જેમાં વેબસાઈટ પર જાહેર થયેલા રેકોર્ડ મુજબ નરેન્દ્ર મોદીએ પાર્ટ-૧ અને પાર્ટ-૨ એમ બંને પરીક્ષામાં કુલ ૮૦૦માંથી ૪૯૯ માર્કસ મેળવીને ફર્સ્ટ ક્લાસ ગ્રેડ મેળવ્યો હતો. તમે નહીં માનો પણ મોદી પીએમની પરીક્ષામાં જેમ ફસ્ટક્લાસમાં પાસ થયા છે તેમ એમએની પરીક્ષામાં પણ ફસટક્લાસમાં પાસ થયા હતા. વેબસાઈટ પર જાહેર રેકોર્ડ મુજબ નરેન્દ્ર મોદીએ એક્સટર્નલ પરીક્ષામાં કુલ ૪૯૯ માર્કસ મેળવ્યા. પાર્ટ-૧માં નરેન્દ્ર મોદીએ પોલિટિકલ સાયન્સના વિવિધ ચાર પેપરમાં ૪૦૦માંથી ૨૩૭ માર્કસ મેળવ્યા હતા. જ્યારે પાર્ટ- ૨માં વિવિધ ચાર પેપરમાં ૪૦૦માંથી ૨૬૨ માર્કસ મેળવ્યા હતા.આમ પાર્ટ-૧ અને પાર્ટ-૨માં કુલ ૮૦૦માંથી ૪૯૯ માર્કસ મેળવીને નરેન્દ્ર મોદીએ ફર્સ્ટ કલાસ ગ્રેડ મેળવ્યો હતો. નરેન્દ્ર મોદીએ એમ.એ પોલિટિકલ સાયન્સ એક્સટર્નલ સ્ટુડન્ટ તરીકે કર્યુ હતું.

ભાવનગર ડમી કાંડમાં સીટની રચના

અત્યાર સુધીમાં પોલીસે ૪ આરોપીની ધરપકડ કરી છે : SITનાં સુપરવિઝન અધિકારી તરીકે નાયબ પોલીસ અધિક્ષક આર.આર.સિંઘાલની નિમણુંક કરવામા આવી

ભાવનગર, તા.૧૬

ભાવનગરમાં ડમી કાંડ ગુનાની તપાસ ખુબ જ ઉંડાણપુર્વક તથા તલસ્પર્શી કરવા માટે આઈજી દ્વારા સીટની રચના કરવામા આવી છે. ભાવનગર રેન્જ આઈજી ગૌતમ પરમાર અને પોલીસ અધિક્ષક ડો.રવિન્દ્ર પટેલ દ્વારા સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમની રચના કરાઈ છે. જેમાં સુપરવિઝન અધિકારી તરીકે નાયબ પોલીસ અધિક્ષક આર.આર.સિંઘલની નિમણુંક કરવામા આવી છે. ભાવનગર ડમી વિદ્યાર્થી કૌભાંડમાં મામલે સીટની રચના કરવામાં આવી છે. હવે નાયબ પોલીસ અધિક્ષક આર.આર. સિંઘલના સુપરવિઝન હેઠળ સમગ્ર તપાસ કરવામાં આવશે. પીઆઈ કક્ષાના ૧ અધિકારી, પીએસઆઈ કક્ષાના ૯ અધિકારી તેમજ સ્ટાફના માણસો દ્વારા કરવામાં તપાસ કરાશે. સમગ્ર મામલે અત્યાર સુધીમાં પોલીસે ૪ આરોપીઓની ધરપકડ કરી છે. અત્યાર સુધી પ્રદીપ બારૈયા, શરદ પનોત, બળદેવ રાઠોડ અને પ્રકાશ ઉર્ફે પીકે દવેની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે ઝડપી પાડેલા ૪ પૈકી ૩ આરોપીઓ સરકારી નોકરિયાત છે. તપાસ અધિકારીમાં SOG PI એસ.બી.ભરવાડ, P.S.I. આર.બી.વાઘીયા, P.S.I. વી.સી.જાડેજા, P.S.I. એચ.આર.જાડેજા, P.S.I. ડી.એ.વાળા અને P.S.I. એચ.એસ.તિવારીની નિમણુંક. પોલીસ સ્ટાફનાં રાઈટર તરીકે કુલ-૦૭ માણસો તથા પોલીસ હેડ કવાર્ટર ખાતેથી કુલ-૧૨ માણસોની નિમણુક કરવામાં આવી. સહયોગી અધિકારીઓમા INC. PI બી.એચ.શીંગરખીયા, P.S.I. કે.એમ પટેલ, P.S.I. પી.બી.જેબલીયા અને P.S.I. પી.આર.સરવૈયા કામગીરીમાં સમાવેશ. આ ઉપરાંત એલ.સી.બી, એસ.ઓ.જી. તથા પેરોલ ફર્લો સ્કવોડ સ્ટાફનાં માણસો પણ સાથે મદદમાં જોડાયેલ છે. ભાવનગર ડમી કાંડ વિદ્યાર્થીઓનાં મામલામાં પોલીસ તપાસ તેજ બની છે. ગઈકાલે પોલીસે સત્તાવાર રીતે ૪ લોકોની ધડપકડ કર્યા બાદ બાકી રહેલા ૩૨ લોકોની શોધખોળ શરૂ કરી છે. ભાવનગર જિલ્લાના તળાજા, સિહોર તાલુકામાં રહેઠાણ ધરાવતા ૩૨ આરોપીઓનાં ઘરે પહોંચવા પોલીસે તૈયારી આરંભી છે. આ માટે ભાવનગર પોલીસે ૪ ટીમો બનાવી જુદાજુદા વિસ્તારમાં આરોપીઓ ઝડપી પાડવા અભિયાન હાથ ધર્યું છે. પોલીસે ઝડપવાનાં બાકી રહેલા આરોપીઓનાં કોલ ડિટેલ્સ માટે ટેક્નિલ ટીમની મદદ પણ લીધી છે. તો ડમી કાંડમાં વધુ એક આરોપી સંજય પંડ્યાની કરાઈ તાલીમ કેન્દ્રથી અટકાયત કરાઈ છે. સંજય પંડ્યાએ ૨૦૨૧ માં બિન સચિવાલયની પરીક્ષા આપી હતી. કરાઈ ખાતે પીએસઆઈની તાલીમ મેળવી રહ્યો હતો. ભાવનગર પોલીસે સંજય પંડ્યાની અટકાયત કરી છે.

રાજકોટમાં વેપારી સાથે ૧.૨૩ કરોડની છેતરપિંડી

રાજકોટ, તા.૧૬

મહાઠગ કિરણ પટેલ બાદ વધુ એક ઠગ સામે આવ્યો છે. રાજકોટ ક્રાઈમ બ્રાન્ચે વડોદરાના માંજલપૂર વિસ્તારમાં રહેતો હિતેશ ઠાકરની ધરપકડ કરી છે. રાજકોટના વેપારી અલ્પેશ નારીયા અને વિજય નારીયાએ આરોપી હિતેશ પ્રવીણચંદ્ર ઠાકરે સેન્ટ્રલ આઈ.બીના ડેપ્યુટી ડાયરેક્ટર અને IAS અધિકારીની ઓળખ આપી ૧.૨૩ કરોડની છેતરપીંડી કરી હોવાની ફરિયાદ રાજકોટ ક્રાઈમ બ્રાન્ચમાં નોંધાવી હતી. ૨૦૧૯માં માલીયાસણ ગામની જમીનનું ટેન્ડર આપવાના નામે છેતરપીંડી આચરી હતી.

રાજકોટના વેપારી બંધુ સાથે ૧.૨૩ કરોડની ઠગાઈ કરી હોવાનું આવ્યું છે. આરોપી હિતેશ ઠાકર પાસેથી જુદા જુદા ચેરિટીના લેટર, મહેસુલના લેટર, રાજકોટ રેવન્યુના પત્રોમાં પોતે ગેઝેટેડ અધિકારી તરીકે સહી સિક્કા કર્યા હોવાનું પણ સામે આવ્યું છે. એટલું જ નહીં M.sc સુધીનો અભ્યાસ કરેલો ઠગ હિતેશ ઠાકર IAS અધિકારી બનવા માંગતો હતો. પરંતુ સરકારી ભરતીઓ કોર્ટ કેસમાં ફસાઈ હોવાથી IAS અધિકારી બની શક્યો નહોતો.

ભૂમંડળ સ્થિત તીર્થોત્તમધામ મણિનગર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ચૈત્ર વદ એકાદશી - વરૂથિની અગિયારસે શ્રી ઘનશ્યામ મહારાજને ભવ્ય આમ્રોત્સવ ધરાવવામાં આવ્યો હતો.

સોપારી

● અનુસંધાન પહેલાનું ચાલુ

જ પકડીને ઘટનામાં ઉપયોગ લેવાયેલા સાધનો જપ્ત કરવામાં આવ્યા છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, ત્રણેય હુમલાખોરો એકબીજાને જાણતા હતા. સની અને લવલેશની મુલાકાત બાંદા જેલમાં થઈ હતી. બાદમાં બંને દોસ્ત થઈ ગયા. જ્યારે સની અને અરુણ પહેલાથી દોસ્ત હતા અને સનીએ જ લવલેશની અરુણ સાથે દોસ્તી કરાવી હતી. અતીક અને તેના ભાઈ અશરફની શનિવાર રાતે હુમલાખોરે તે સમયે ગોળી મારીને હત્યા કરી દીધી હતી. જ્યારે પોલીસ બંનેના મેડિકલ માટે પ્રયાગરાજ મેડિકલ કોલેજ લઈ જઈ રહી હતી.

કોણ-કોણ હતા

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવું જ કરતો હતો. એટલા માટે તેઓની હત્યા કરી નાખવામાં આવી.

પ્રાપ્ત જાણકારી મુજબ, અતીક અને અશરફની હત્યા કરનારા ત્રણેય યુવકો અલગ અલગ કેસોને લઈને જેલની હવા ખાઈ ચૂક્યા છે. કહેવામાં આવી રહ્યું છે કે આરોપી લવલેશ તિવારી બાંદા, સની હમીરપુર અને અરુણ મોર્ય કાસગંજના રહેવાસી છે. આ ત્રણેયનું કહેવું છે કે, માફિયા અતીકનું પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી આઈએસઆઈ સાથે સંબંધ હતો. લશ્કર-એ-તૈયબા સાથે પણ તેનું કનેક્શન હતું. અતીક ગેંગના કારણે લોકોમાં ખૂબ જ ડર હતો. એટલા માટે અમે તેને મારી નાખ્યો. અતીક હત્યાકાંડને અંજામ આપનારા ત્રણેય શૂટર્સ અલગ અલગ જિલ્લાના છે. તેઓની ઓળખાણ એકબીજા સાથે કેવી રીતે થઈ, શું એની પાછળ કોઈ મોટી ગેંગનો હાથ છે, વગેરે વગેરે...આ સવાલોના જવાબ પોલીસ હાલ શોધી રહી છે. ત્રણેયની ઉંમર પણ વધારે નથી. ત્રણેય આરોપીઓ ૨૦-૨૫ વર્ષની વચ્ચેના છે.

ફરિયાદ નોંધાઈ

● અનુસંધાન પહેલાનું ચાલુ

બનાવ્યો હતો અને મારીને ઘટના સ્થળ પરથી ફરાર થવાનો પ્લાન બનાવ્યો હતો પરંતુ પોલીસની સતર્કતાને કારણે આરોપી પકડાયા હોવાનું જણાવવામાં આવ્યુ છે. અતીક અને અશરફને મારનારા ત્રણ બદમાશોની ઓળખ લવલેશ તિવારી, સની અને અરુણ મૌર્ય તરીકે ખુલાસો થતાં કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. મહત્વનુ છે કે, આ સાથે અન્ય ૨ અનામી લોકો અંગે પણ FIR માં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. કુલ ૫ લોકો સામે કાર્યવાહી કરાશે. IPC ૩૦૨, ૩૦૭ સાથે અન્ય હથિયારને લગતી કેટલીક કલમો પણ લગાવવામાં આવી છે. જેમાં આયુધ અધિનિયમ ૧૯૫૯ ની ૩,૭,૨૫,૨૭ અને અપરાધીક કાનૂન અધિનિયમ ૧૯૩૧, ૭ મુજબ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

મહત્વની વાત એ છે કે, ઉમેશ પાલ મર્ડર કેસમાં પોલીસ ઘણા દિવસોથી અતીક અહેમદ અને અશરફની પૂછપરછ કરી રહી હતી.

માફિયા અતીકના પુત્ર અસદ અને ગુલામ મોહમ્મદનું ગુરુવારે મોત થયું હતું. જે બાદ હવે અતીક અને અશરફની પણ શનિવારે રાત્રે હુમલાખોરો દ્વારા હત્યા કરવામાં આવી છે. જેને લઈ યુ.પી. માં વાતાવરણ તંગ બન્યું છે.

કેસ નોંધાયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મહિલા, સે-૨૧માંથી ૮૨ વર્ષીય મહિલા, સે-૨૨માંથી ૪૩ વર્ષીય પુરુષનો રીપોર્ટ પોઝિટિવ આવ્યો છે.

સે-૮માંથી ૫૦ વર્ષીય મહિલાનો રીપોર્ટ પોઝિટિવ આવ્યો છે. સે-૨માંથી ૮૩ વર્ષીય વૃધ્ધનો રીપોર્ટ પોઝિટિવ આવ્યો છે.

શહેરમાં આજે નોંધાયેલ દર્દીઓમાં એકપણ દર્દી ટ્રાવેલ હીસ્ટ્રી નહીં ધરાવતો હોવાનું જાણવા મળેલ છે. આજે નોંધાયેલા તમામ દર્દીઓની તબિયત સ્થિર છે. આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

શહેર-જિલ્લામાં મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રૂપે થાય અને જાહેર સ્થાનો પર સોશ્યલ ડીસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા જણાવ્યું છે.

સારો પ્રતિસાદ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર (ઉ)માં તેમણે સે.૨૦, ૨૧ અને સે.૩૦માં આવેલા બુથોની તેમજ ગાંધીનગર (દ)માં કુડાસણ, સરગાસણના કેટલાક બુથોની મુલાકાત લીધી હતી. ગાંધીનગર(ઉ)ની મુલાકાત દરમિયાન તેમની સાથે મામલતદાર દિપીકાબેન પંચાલ તેમજ ગાંધીનગર (દ)ની મુલાકાત દરમિયાન સીટી સર્વે કચેરીના ભાવેશ પટેલ અને નાયબ મામલતદારોની ટીમ સાથે રહી હતી.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર (ઉ)માં ૧૩૧૬ ફોર્મ, દહેગામ ૧૦૨૪, તેમજ ગાંધીનગર (દ)માં ૧૭૪૩ ફોર્મ અને કલોલ, માણસામાં એક - એક હજાર જેટલા ફોર્મ મળ્યા હતા. આજે મતદારોની નામ નોંધણી તેમજ સુધારણા, મતદાર વિભાગમાં ફેરફાર, અવસાન થવાથી નામ કમી કરવા સહિતની અરજીઓ તંત્રને મળી હતી.

વિધાનસભાની સામાન્ય ચૂંટણી પછી ૧લી એપ્રિલે જે મતદાર યાદીનો મુસદ્દો પ્રસિદ્ધ કરાયો હતો તેમાં જિલ્લામાં ૪૪૦૦ જેટલા મતદારોનો ઘટાડો નોંધાયો હતો.

આઝે જિલ્લામાં ખાસ ઝુંબેસ અભિયાનને સારો પ્રતિસાદ મલ્યો છે. જિલ્લા તંત્રએ મતદાર યાદી સુધારણા અભિયાનને લઈ રાજકીય પક્ષો સાથે પણ બેઠક કરી હતી જે નોંધનીય છે.

બદલવા નિર્ણય

● અનુસંધાન પહેલાનું ચાલુ

માફક ખેલ એકબાદ એક ગોળીઓ ધરબી દેવામાં આવી. અતીકને મારવા આવેલાં શૂટરો પત્રકાર તરીકે ઓળખ આપીને ત્યાં પ્રવેશ્યા હતાં. તેમના ગળામાં કોઈ ચેનલનું નકલી આઈકાર્ડ પણ હતું. મીડિયા કર્મી સમજીને પોલીસે પણ તેમને નજીક આવવા દીધાં હતાં. પછી તો પોલીસ પણ કંઈ સમજી શકે તે પહેલાં ફિલ્મી સીનની માફક ગોળીબાર થવા લાગ્યો. અને ક્ષણવારમાં જ યુપીના માફિયા રાજનું પતન થઈ ગયું.